## પોલીસ અધિક્ષકની કચેરી, ડાંગ-આહવા

## પ્રવાસી મિત્ર- ટુરીઝમ પોલીસ Content id – 5064

ગીરીમથક સાપુતારા ખાતે સુરત રેન્જ **IGP** શ્રી પ્રેમવીર સિંઘ **IPS** અને જીલ્લા પોલીસ વડા શ્રી યશપાલ જગાણીયા **IPS** નાઓના અધ્યક્ષ સ્થાને તા.**૧૭-૦૮-૨૦૨૪** ના રોજ સાંદિપની સ્કુલ સાપુતારા ખાતે લોક સંવાદ અને પ્રવાસી મિત્ર હેલ્પ ડેસ્ક સેન્ટરનું લોકાર્પણ કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમમાં સાપુતારા ખાતે પ્રવાસન ઉદ્યોગને લગતા પ્રશ્નો અંગે ચર્ચા કરવામાં આવી હતી. આ પ્રસંગે રેન્જ આઇ.જી.પી. શ્રી પ્રેમવીર સિંઘનાઓએ જણાવ્યું હતુ કે, સાપુતારા દેશ દુનિયાના નકશામાં એક વિશેષ ગીરીમથક તરીકે ઓળખવામાં આવે છે. અહીં આવતા પ્રવાસીઓની સુરક્ષા સાથે યોગ્ય માર્ગદર્શન મળી રહે તે પોલીસ વિભાગની પ્રાથમિકતા છે. અહીં પોલીસ મિત્ર હેલ્પ ડેસ્ક પર સાપુતારા સહિત ડાંગના દર્શનિય સ્થળોની માહિતી ઉપલબ્ધ કરાવવામાં આવી છે. ઉપરાંત પ્રવાસીઓને કોઇ વાંધાજનક પ્રશ્ન હોય તો અહીં સ્વાગત સર્કલ પાસેની ચોકી પર તે નોંધાવી શકશે. જેમાં પ્રવાસીઓ પોતાના ફોન નંબર સાથે પોતાની ફરિયાદ કે સજેશન લખી નાંખી શકશે. ત્યાર બાદ પોલીસ દ્વારા તેનો યોગ્ય નિકાલ કરવાની પહેલ કરાશે. જેમાં પોલીસ પ્રજાનો મિત્ર હોવાનું પોલીસની કામગીરીથી સાર્થક થયું છે.




ડાંગ જિલ્લા પોલીસ
પ્રવાસી મિત્ર
હેલ્પડેસ્ક સેન્ટર


ડાંગ જિલ્લા પોલીસ
સાપુતારા પોલીસ
ડાંગ જિલ્લા પોલીસ
પ્રવાસી મિત્ર
હેલ્પડેસ્ક સેન્ટર

# સાપુતારા ખાતે લોક સંવાદ અને પ્રવાસી મિત્ર હેલ્પ ડેસ્ક સેન્ટરનું લોકાર્પણ કરાયું



ડાંગ, તા. ૧૭

સુરત રેંજનાં આઈજીપી પ્રેમવીરસિંઘ અને જિલ્લા પોલીસ વડા યશપાલ જગાણિયાનાં અધ્યક્ષ સ્થાને સાપુતારા સાંદિપની સ્કૂલ ખાતે લોકસંવાદ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં સાપુતારા ખાતે પ્રવાસન ઉદ્યોગને લગતા પ્રશ્નોની ચર્ચા કરવામાં આવી હતી. સાપુતારા નવાગામ વાસીઓ, લારીગલ્લાં ધારકો સહિત હોટેલ એસોસિએશનનાં સેક્રેટરી તુકારામ કરડીલે, સહિત આગેવાનોએ સાયબર ફ્રોડ સહિતના ગુનાઓ અંગે પોલીસ સતર્ક બને તેમજ હોટેલિયરો ભોગ ન બને તે માટે તકેદારીના પગલાં ભરવા રજૂઆત કરવામાં આવી હતી.

સાપુતારા નવાગામનાં આગેવાન રામચંદ્ર હડસે સાપુતારાનાં પી.આઈ. નિખિલ ભોયા તથા પોલીસકર્મીઓની કામગીરીને બિરદાવી હતી. આ સાથે સાપુતારા ઘાટ માર્ગમાં થતા અવારનવાર અકસ્માતો અંગે ચર્ચા કરી હોટેલ એસોસિએશન દ્વારા સરકાર લેવલે ક્રેઈનની વ્યવસ્થા કરવામાં આવે તેવી માંગ કરી હતી. આ પ્રસંગે આઈ.જી.પી. પ્રેમવીર સિંઘએ જણાવ્યુ હતું કે, સાપુતારા દેશ દુનિયાના નકશામાં એક વિશેષ ગિરિમથક તરીકે ઓળખવામાં આવે છે, અહીં આવતા પ્રવાસીઓને સુરક્ષા સાથે યોગ્ય માર્ગદર્શન મળી રહે તે પોલીસ વિભાગની પ્રાથમિકતા છે. પ્રવાસીઓને કોઈ વાંધાજનક પ્રશ્ન હોય તો અહીં સ્વાગત સર્કલ પાસેના ચોકી પર તે નોંધાવી શકશે. તેમજ અહીં ફરિયાદ પેટી પણ મુકવામાં આવશે. જેમાં પ્રવાસી પોતાના ફોન નંબર સાથે પોતાની ફરિયાદ કે સજેશન લખી નાંખી શકશે અને પોલીસ દ્વારા તેનો યોગ્ય નિકાલ કરવાની પહેલ કરાશે.

# સાપુતારામાં પ્રવાસીઓને કોઈ વાંધાજનક પ્રશ્ન હોય તો સ્વાગત સર્કલ ચોકી પર નોંધાવી શકશે : આઈજી

**સુરત રેન્જ આઈજી પ્રેમવીર સિંઘના અધ્યક્ષ સ્થાને લોક સંવાદ કાર્યક્રમ યોજાયો : પોલીસ પ્રવાસી મિત્ર હેલ્પ ડેસ્ક સેન્ટરનું ઉદ્ઘાટન પણ કરાયું**



ન્યાયદર્શન.વઘઈ,

ગિરિમથક સાપુતારા ખાતે સુરત રેન્જ આઈજી પ્રેમવીરસિંઘ અને જિલ્લા પોલીસ વડા યશપાલ જગાણિયાના અધ્યક્ષ સ્થાને સાંદિપની સ્કૂલ ખાતે લોક સંવાદ કાર્યક્રમ અને પ્રવાસી મિત્ર હેલ્પ ડેસ્ક સેન્ટરનું લોકાર્પણ કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમમાં સાપુતારા ખાતે પ્રવાસન ઉદ્યોગ ને લગતા પ્રશ્નો અંગે ચર્ચા કરવામાં આવી હતી.

આ પ્રસંગે રેન્જ આઈજી પ્રેમવીર સિંઘ એ જણાવ્યું હતું કે, સાપુતારા દેશ દુનિયાના નકશામાં એક વિશેષ ગિરિમથક તરીકે ઓળખવામાં આવે છે. અહીં આવતા પ્રવાસીઓની સુરક્ષા સાથે યોગ્ય માર્ગદર્શન મળી રહે તે પોલીસ વિભાગની પ્રાથમિકતા છે. અહીં પોલીસ મિત્ર હેલ્પ ડેસ્ક પર સાપુતારા સહિત ડાંગના દર્શનીય સ્થળો ની માહિતી ઉપલબ્ધ કરાવવામાં આવી છે. ઉપરાંત પ્રવાસીઓને કોઈ વાંધાજનક પ્રશ્ન હોય તો અહીં સ્વાગત સર્કલ પાસે ની ચોકી પર તે નોંધાવી શકશે, તેમજ અહીં ફરિયાદ પેટી પણ મુકવામાં આવશે. જેમાં પ્રવાસીઓ પોતાના ફોન નંબર સાથે પોતાની ફરિયાદ કે સજેશન લખી નાખી શકે. ત્યાર બાદ પોલીસ દ્વારા તેનો યોગ્ય નિકાલ કરવાની પહેલ કરાશે. દરમિયાન સાપુતારા-નવા ગામવાસીઓ, લારીગલ્લા ધારકો સહિત હોટલ એસોસિએશન ના સેક્રેટરી તુકારામ કરડીલે સહિતના આગેવાનોએ, સાયબર ફ્રોડ સહિતના ગુનાઓ અંગે પોલીસ સતર્ક બને તેમજ હોટેલિયરો ભોગ ન બને તે માટે તકેદારીના પગલાં ભરવા રજૂઆત કરી હતી. નવા ગામના આગેવાન શ્રી રામચંદ્ર હડસે સાપુતારા પોલીસની કામગીરીને બિરદાવી હતી. તેમજ પોલીસ પ્રજાની મિત્ર હોવાનું સાપુતારા પોલીસની કામગીરીથી સાર્થક થયું હોવાનું જણાવ્યું હતું. આ સાથે જ સાપુતારા ઘાટ માર્ગ માં થતા અવારનવારના અકસ્માતો અંગે ચર્ચા કરી, હોટલ એસોસિએશન દ્વારા સરકાર કક્ષાએ ક્રેઈનની વ્યવસ્થા કરવામાં આવે, તેવી માંગ કરવામાં આવી હતી.

# સાપુતારા ખાતે લોક સંવાદ કાર્યક્રમ સાથે પ્રવાસી મિત્ર હેલ્પ ડેસ્ક સેન્ટરનું લોકાર્પણ કરાયું

**ધબકાર પ્રતિનિધિ, વઘઈ, તા. ૧૭**

ગિરિમથક સાપુતારા ખાતે રેન્જ આઈજી પ્રેમવીર સિંઘ અને જિલ્લા પોલીસ વડા યશપાલ જગણિયાના અધ્યક્ષ સ્થાને લોક સંવાદ અને પ્રવાસી મિત્ર હેલ્પ ડેસ્ક સેન્ટરનું લોકાર્પણ કાર્યક્રમ યોજાયો.


(તસવીર : નિલેશ સુરતી)

સુરત રેન્જ આઈજી પ્રેમવીરસિંઘ અને જિલ્લા પોલીસ વડા યશપાલ જગણિયાના અધ્યક્ષ સ્થાને સાપુતારા સાંદિપની સ્કૂલ ખાતે લોક સંવાદ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં સાપુતારા ખાતે પ્રવાસનને લગતા પ્રશ્નોની ચર્ચા કરવામાં આવી હતી. સાપુતારા નવાગામ વાસીઓ,લારીગલ્લા ધારકો સહિત હોટલ એસોસિએશનના તુકારામભાઈ કરડીલે, સહિત આગેવાનોએ સાયબર ફ્રોડ સહિતના ગુનાઓ અંગે પોલીસ સતર્ક બને તેમજ હોટેલિયરો ભોગ ન બને તે માટે તકેદારીના પગલાં ભરવા રજુઆત કરવામાં આવી હતી. નવાગામના આગેવાન રામચદ્ર હડસે સાપુતારા ની પોલીસની કમગીરીને બિરદાવી હતી ,તેમજ પોલીસ પ્રજાની મિત્ર હોવાનું સાપુતારા પોલીસની કામગીરીથી સાર્થક થયું હોવાનું જણાવ્યું હતું. આ સાથે સાપુતારા ઘાટ માર્ગ માં થતા અવારનવાર અકસ્માતો અંગે ચર્ચા કરી હોટેલ એસોસિએશન દ્વારા સરકાર લેવલે ક્રેઈન ની વ્યવસ્થા કરવામાં આવે તેવી માંગ કરી હતી .આ પ્રસંગે આઈજી પ્રેમવીર સિંઘ એ જણાવ્યું હતું કે સાપુતારા દેશ દુનિયાના નકશામાં એક વિશેષ ગિરિમથક તરીકે ઓળખવામાં આવે છે, અહી આવતા પ્રવાસીઓને સુરક્ષા સાથે યોગ્ય માર્ગદર્શન મળી રહે તે પોલીસ વિભાગની પ્રાથમિકતા છે.અહી પોલીસમિત્ર હેલ્પ ડેસ્ક પર સાપુતારા સહિત ડાંગ ના દર્શનીય સ્થળોની માહિતી ઉપલબ્ધ કરવામાં આવી છે, ઉપરાંત પ્રવાસીઓને કોઈ વાંધાજનક પ્રશ્ન હોય તો અહી સ્વાગત સર્કલ પાસેના ચોકી પર તે નોંધાવી શકશે, તેમજ અહી ફરિયાદ પેટી પણ મુકવામાં આવશે જેમાં પ્રવાસી પોતાનો ફોન નંબર સાથે પોતાની ફરિયાદ કે સજેશન લખી નાખી શકે ,અને ત્યારબાદ પોલિસ દ્વારા તેનો યોગ્ય નિકાલ કરવાની પહેલ કરશે.આ કાર્યક્રમમાં આભાર વિધિ ડીવાયએસપી એસ.જી.પાટીલે આટોપી હતી,જ્યારે કાર્યક્રમને સફળ બનાવવા સાપુતારા પો સ્ટે ના પીઆઈ એન ઝેડ ભોયા સહિત સ્ટાફે જહેમત ઉઠાવી હતી.

**જિલ્લા પોલીસ વડા યશપાલ જગણિયાના અધ્યક્ષ સ્થાને સાંદિપની સ્કૂલ ખાતે લોક સંવાદ કાર્યક્રમમાં પ્રવાસનને લગતા પ્રશ્નોની ચર્ચા કરવામાં આવી**